

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧



## સલામી સવારની..

ભૂલ્યા ભાન સ્વાર્થમાં, મૂલ્યોથી આંખ મિંચાય છે,
સિદ્ધાંત-હીન સભ્યો ભાજી-મૂળા જેમ વેંચાય છે,
એટલે જ તો મંડી જેવો કરે છે કોલાહલ
ને આવા બેવફા સભ્યોથી સરકાર રચાય છે.
(બિહાર ખરીદ-વેંચાણ સંઘ)

## હાઈકુ



આશા 'કિરણ'
'છે હારનું કારણ'
હોળી - શ્રીફળ

કાઢ્યું છે નામ -
અપવાસનું કામ -
અન્ના બિચારે..

## ચિંતન

**કિમા સેવ્યં પુંસા સવિધમનવદ્યં ચુજ્ઞારિતઃ કિમે કાન્તં ધ્યેય ચરણ ચુગલં કૌસ્તુભભૃતઃ ।**
**કિમા શધ્ય પુણ્યં કિમ ભિલપણીચં ચ કરૂણા ચદ્દાસકત્યા ચેતો નિરવિધિ વિમુક્તો પ્રભવતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ- 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

● માણસોએ વિધિપૂર્વક સેવવા યોગ્ય નિર્મળ અને પવિત્ર વસ્તુ કઇ છે?
જવાબ - દેવ નદી ગંગાજીનું તીર્થ (હરિદ્વાર-પ્રયાગ)

● એકાંતમાં બેસી ધ્યાન ધરવા જેવી વસ્તુ કઇ?
જવાબ : કૌસ્તુભ મણિ ધારણ કરેલ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણ યુગલ.

● આરાધનાની સફળતા માટે વધારેમાં વધારે શું કરવા જેવું છે?
જવાબ : સદાય દાન-ધર્મ દ્વારા 'પુણ્ય' કરવા જેવું છે.

● સદાય મનની ઇચ્છા રહે - અભિલાષા રહે એવું કરવા યોગ્ય કામ કયું છે?
જવાબ : દુઃખી-રોગી ગરીબ અને મુશ્કેલ પરિસ્થિતિમાં જીવતાં દીન-દુખી પર સદાય દયા વરસાવતા રહેવાની મનમાં વૃત્તિ રહે એ જ અભિલાષા રાખવી.

આમ ગંગા તીર્થથી પવિત્ર થયેલું મન અને શરીર ભગવાન કૃષ્ણ ચરણનું ધ્યાન ધરી પુણ્ય અને દયા દ્વારા વિશુદ્ધ થઇ - મુક્તિ માર્ગને યોગ્ય થઇ મોક્ષ પામે છે.

## સુવિચાર

- ખેતરમાં વાવેલા બધા જ બી કંઇ ફળતા નથી પરંતુ જીવન ઉપવનમાં વાવેલા સત્કર્મનું એક પણ બીજ નકામું જતું નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- 'મન' વૃંદાવન બને તો જ અંદર બેઠેલા બંસીધરની વાંસળી કાને પડે **- જ્ઞાનસૂત્ર**
- એક સાથે એક ફ્રી જેમાં શાંતિ સાથે અશાંતિ, હસવા સાથે રડવું, સંબંધ સાથે જવાબદારી, સુખ સાથે દુઃખ, ઘર સાથે હૂંફ, નફા સાથે નુકશાન, કમાણી સાથે ચિંતા **- મોરારિ બાપુ**
- પોતાના ભાગે આવેલું 'કામ' બીજાને સોંપવું એટલે પોતાના હાથમાં આવેલી 'તક' ને બીજાને હવાલે કરી દેવી **- કાંતિ ભટ્ટ**
- આમ તો આંસુ એ 'હૃદય' નો મોકલેલો એક સંદેશો છે પણ એ સંદેશો એ જ વાંચી શકે છે જે 'હૃદય'ની સહુથી નજીક હોય છે **- અખંડ આનંદ**
- માણસ એવો હોંશિયાર છે કે આંખોમાં ન દેખાય તેવા 'લેન્સ' પહેરે છે છતાં બીજાની આંખોની લાગણી વાંચવામાં નિષ્ફળ જાય છે **- એસ.એમ.એસ.**
- જીવનમાં 'પડતી' છે તો જ 'ચડતી'ની કિંમત છે **- ચંદ્રકાન્ત બક્ષી**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ભગવાન બુદ્ધ કદી આશ્રમ કે મઠ બાંધી શિષ્યોને ઉપદેશ આપતા નહીં વિહાર કરતાં કરતાં વાસ્તવિક-વ્યવહાર અનુભવ દ્વારા શિખામણ-ઉપદેશ થઇ જતો.

એક પ્રવાસીએ એમેઝોન નદીના ઉપરના જંગલ-ઝાડી વિસ્તારમાં ખૂબ પ્રવાસ કર્યો અને શહેરમાં આવી ત્યાંના વૃક્ષો-ટેકરીઓ-ધોધ-ઝરણાંના ખૂબ વખાણ કર્યા.. લોકોને ખૂબ રસ પડ્યો. કહ્યું હજુ વિસ્તારથી વર્ણન કરો ને!

પ્રવાસી કહે હું નકશો દોરી આપું છું જેને એ પ્રાકૃતિક સૌંદર્ય જોવું જ હોય એ નકશા પ્રમાણે પ્રવાસ કરી જ આવો.

ઘણા બધા પ્રકૃતિના રસિયાએ નકશાની નકલ લઇ ગયા. અને કેટલાક સમય પછી હેરાન-પરેશાન થઇ પાછા આવ્યા. અને ફરિયાદો કરવા લાગ્યા. તમે નકશામાં નદીની ઊંચાઇ-પહોળાઇ તો જણાવી જ નો'તી. કોઇ કહે પર્વત પર જવાનો રસ્તો તો નકશામાં હતો જ નહીં. કોઇને જંગલની કેડી મળી જ નહીં.

પ્રવાસી હસીને કહે - પ્રકૃતિ-સૌંદર્ય જો માણવું હોય તો 'નકશા' કામ ન આવે જાતે જ કેડી કંડારવી પડે. જીવન-વ્યવહારનો બોધ ખૂરશીના ઉપદેશથી ન મળે જાત અનુભવે શીખવું પડે!

Email - sureshchandrabhatt18@gmail.com

# ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજનાર સાહિત્ય પરિસંવાદ

**● સમાચાર સેતુ**

**નિમંત્રણ**

ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજનાર સાહિત્ય પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા ભાવભીનું નિમંત્રણ છે.
તા. ૨૬-૨-૨૦૧૫ ગુરુવાર
સ્થળ - શ્રી બ્રહ્મ ભવન, વિદ્યા લાઇબ્રેરીની બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર
કાર્યક્રમની રૂપરેખા - સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ રજીસ્ટ્રેશન, અલ્પાહાર, ચા-કોફી.
પ્રથમ બેઠક - સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦
ઉદ્‌ઘાટન વિધિ -
ઉદ્‌ઘાટક - ધીરુ પરીખ, પ્રમુખ, ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ.
અતિથિ વિશેષ - પ્રફુલ્લા રાવલ, મંત્રી, ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ
સ્વાગત પ્રવચન - ભરત કવિ ● સંસ્થા પરિચય : નટવર હેડાઉ
મહેમાનોનો પરિચય - સુરેશ ભટ્ટ
ગાંધીનગરના સાહિત્યકારોના પુસ્તકોનું લોકાર્પણ
સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦
વક્તા - હરિકૃષ્ણ પાઠક - વિષય - શ્રી યશવંત શુક્લ શતાબ્દિ વંદના.
આભાર વિધિ - સંજય થોરાત
બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ ભોજન - વિરામ
બીજી બેઠક
બપોરે ૧.૩૦ થી ૨.૩૦ - વક્તા શ્રી અંબાદાન રોહડિયા, નિયામક, ઝવેરચંદ મેઘાણી સાહિત્ય કેન્દ્ર, રાજકોટ, વિષય - લોકસાહિત્ય
સાંજના ૨.૩૦ થી ૩.૩૦ વક્તા - યોસેફ મેકવાન, વિષય - કવિતા
સાંજના ૩.૩૦ થી ૪.૩૦ વક્તા - જય ગજ્જર, વિષય - ડાયસ્પોરા સાહિત્ય
આભાર વિધિ - મૂળજીભાઇ પરમાર ● સંચાલન - સ્વાતિ શુક્લ
નોંધ - ભોજન અને કીટની વ્યવસ્થા સંસ્થાના સભ્યો પૂરતી જ છે.

**● નિમંત્રણ**

"રોટરી કલબ ઓફ સુરત ડાયમંડ સિટી" તથા 'રોટરી કલબ ઓફ સુરત ગેલેક્સી' નાં સંયુક્ત ઉપક્રમે સાહિત્યનીધિ નરેન્દ્રભાઇ દવેએ સ્થાપેલાં 'ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગર' તથા 'આંતરભારતીય સાહિત્ય બંધુત્વ મંચ' દ્વારા 'રાજસ્થાન સાહિત્ય અકાદમી, ઉદયપુર' ના સહયોગથી ગુજરાતના વિદ્વાન સાહિત્યકાર, ઇતિહાસકાર અને ભાષાન્તરકાર ડો. અતુલભાઇ પાઠકજીને 'ઇન્દુલાલ યાજ્ઞિક રાષ્ટ્રીય એવોર્ડ' અર્પણ કરવા માટે 'વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી'ના કુલપતિ ડો. દક્ષેશભાઇ ઠાકરના પ્રમુખપદે, "સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી" ના પૂર્વ અધ્યક્ષ એડવોકેટ આર.જી. શાહના મુખ્ય મહેમાનપદે અને 'ગુજરાત સાહિત્ય પરિષદ' ના મંત્રી જનકભાઇ નાયકના અતિશિવિશેષ પદે યોજાયેલા સમારંભનું દીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટન અમદાવાદથી પધારેલા "ગુજરાત પ્રાન્તિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ" ના કોષાધ્યક્ષ એડવોકેટ શરદભાઇ જોષીના શુભહસ્તે કરવામાં આવશે.

"ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ", ઉપલેટા (જિલ્લો : જુનાગઢ)ના નિવૃત્ત આચાર્ય તેમજ "ગુજરાત સાહિત્ય સંગમ"ના પ્રમુખ ડો. અમૃતભાઇ રાણિંગાના વરદ હસ્તે ડો. અતુલભાઇ પાઠકજીને સન્માનવામાં આવશે અને ડો. અતુલભાઇ પાઠકજીના સાહિત્ય સર્જન વિષે વિવેચન કરતાં જુદા જુદા લેખકોના લેખોનો સંગ્રહ "સાહિત્યની કેડીએ" પુસ્તકનું લોકાર્પણ ગાંધીનગરથી પધારેલા "ગુજરાત સાહિત્ય સંગમ" ના મહાસચિવ નટવર હેડાઉના શુભહસ્તે કરવામાં આવશે. સમારંભમાં "ગરિમાઃ સર્વ સેવા સન્નારી સહયોગ" ના સંસ્થાપક શ્રીમતિ ભારતીબહેન દલાલ અને "શ્રી ગુજરાત એજ્યુકેશન ફાઉન્ડેશન"ના અધ્યક્ષા શ્રીમતી દીપાલીબહેન પટેલ તેમનાં વકતવ્યો રજૂ કરશે. આ કાર્યક્રમ તા. ૨૧-૨-૨૦૧૫ શનિવારે સાંજે ૬.૦૦ કલાકે શારદા હોસ્પિટલ હોલ સુરત ખાતે યોજાશે.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દસેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

**● ગ્રંથ લોકાર્પણ સમારોહ**

ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા (૧) શરદ જોષી લિખિત પુસ્તક, "રાષ્ટ્ર ભાષા કે ઉન્નાયક - જેઠાલાલ જોષી" તથા (૨) ડો. અતુલ પાઠક અનુવાદિક અને શ્રીમતી નંદિની શાહ લિખિત "શાલા એં વિશાલ બનેં" પુસ્તકનુ વિમોચન કરવામાં આવશે. ગ્રંથ લોકાર્પણ અધ્યક્ષ ડો. ઉર્મિલાબહેન પટેલના કરકરળથી થશે અને સમિતિના કાર્યાધ્યક્ષ રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન કરશે, જયારે ડો. ધીરજભાઇ વણકર તથા પ્રો. દક્ષાબહેન પટેલ પુસ્તકની સમીક્ષા કરશે.

આ સમારંભ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ને ગુરુવારના રોજ,સાંજનાં ૫.૦૦ વાગે સમિતિના હોલ 'જેઠાલાલ જોષી સભાગૃહ, રાષ્ટ્રભાષા હિન્દી ભવન, નગરી હોસ્પટિલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે યોજાશે, જે અન્વયે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.'

**● કાવ્યસેતુ**

**મારી કલમે રેલાય તું!**

બુલ બુલના સુમધુર બોલમાં પડઘાય તું!
સિતારના રણઝણતા તારમાં ઝણકાય તું!
નીત નવીનત ખીલતી કળાઓમાં નિરખાય તું!
સરી જતાં મધુરાં સોનેરી સપને વિખરાય તું!
પાયલના છન-છન છનકારે છનકાય તું!
ઘૂંઘટમાં શરમે છાયાં નયન મલકાય તું!
કલાપીના કેકારવના રવે રવે રેલાય તું!
પ્રેમદીનની છલકતી રોશનીમાં ફેલાય તું!
સૂરસંગીતની મધુર લહરે લહેરાય તું!
વિંઝાતા વસમા વિજોગના વાયરે વ્હેરાય તું!
અમી ધારે છલકતા નેણકૂપે છલકાય તું!
વસંતના વિંઝાતા રૂડા વિંઝૂણામાં વિંઝાય તું!
ઘોર ઘૂઘવતા દધિ ઘૂઘવાટે ઘૂઘવાય તું!
સૂરમા આંજેલી મદિલી આંખમાં ઝલકાય તું!
પ્રેમપનઘટે પનિહારીની હેલે છલકાય તું!
કરમાતી કલીઓના ક્રંદનમાં ઓજપાય તું!
ડસીલી નાગણના નાગપાશમાં જકડાય તું!
કવિતાદેવી તુને આરાધું ને વધુ સિવાય તું!
મથી મથી થાકું તોયે કેમે કરી ન રિસાય તું!
હવે કેમ કરૂં તો, આવીને હૈયે હરખાય તું?
શું ધરૂં તવ ચરણે, તો મારી કલમે રેલાય તું?
નભનો કરી કાગળ, લૌ દધિશાહી જો રિઝાયે તું!
મેરૂના કિત્તે નિશનિદે હું લખું, જો સૂઝાયે તું!

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

# પ્રત્યેક ગુરૂમંદિર મોહનું સ્મારક છે!

**રોહિતોપ્રદેશ**
**- રોહિત શાહ**

એક તરફ મોહ છે તો બીજી તરફ મોક્ષ છે. મોહ એટલે હથેળીમાં મૂકેલો ગોળ અને મોક્ષ એટલે કોણીએ વળગાડેલો ગોળ. હથેળીનો ગોળ ગમે ત્યારે ચાખી શકાય, પણ કોણીએ વળગેલો ગોળ કદી, ચાખવાનો હોતો નથી, માત્ર એને ચાખવાનાં હવાઇખ્વાબ જોવામાં આવે છે. આપણને ધર્મના નામે સદીઓથી ઊઠાં ભણાવવામાં આવ્યાં છે કે હાથમાં રહેલા ગોળ (સંસાર)ને ચાખવો એ પણ પાપ છે; ભલે એનો સ્વાદ મધુરો લાગતો હોય છતાં એને કડવો કહીને ફેંકી દો. સ્વાદ માણવો હોય તો કોણીએ વળગેલા (મોક્ષ) ગોળનો માણો; ભલે એના સ્વાદનો કોઇ અનુભવ ન જ થતો હોય.

હાથમાં છે - રોકડું છે, એ ફેંકી દો અને કોણીએ છે - ઉધાર છે, એને પામવા વલખાં મારો તો તમે ધાર્મિક ગણાઓ, તો જ તમે આધ્યાત્મિક ગણાઓ.

આપણો ધર્મ મૂર્તિપૂજા અને વ્યક્તિપૂજામાં સદીઓથી અટવાઇ ગયેલો છે. હવેના સાધુઓએ ભગવાનનાં મંદિરો બનાવવાની સાથોસાથ ગુરુમંદિરો પણ બનાવવા માંડ્યા છે. કોઇ પણ સાધુ અવસાન પામે એટલે તેના અંતિમ સંસ્કારની દરેક વિધિ માટે વેપાર થાય. જે ભક્ત વધુ પૈસા ખર્ચે તે દોણી પકડે, તે ઠાઠડી (પાલખી) ઉપાડે, તે અગ્નિદાહ આપે, વગેરે. આ વેપાર હવે કરોડો રૂપિયાના આંકડે પહોંચ્યો છે. એવા મૃત્યુના વેપારમાંથી ગુરુમંદિર બનાવીને હજારો લોકોને વ્યક્તિપૂજા તરફ ધકેલવાનું પાપ પ્રસરી રહ્યું છે. ગુરુના અંતિમ સંસ્કાર માટેના ચડાવાની રકમમાંથી ગરીબ માણસો અને શ્રાવકો માટેની કોઇ યોજના નથી બનતી.

આપણને મોહ છોડવાના ઉપદેશ આપતા સાધુઓને તેમના ગુરુ પ્રત્યે એટલા તીવ્ર મોહ અને રાગ હોય છે કે તેનું મંદિર બનાવ્યા વગર રહી નથી સકતા. મારી દૃષ્ટિએ ગુરુમંદિર એ મોહનું સ્મારક છે, વેવેલાઇનું વરવું પ્રદર્શન છે. ઇશ્વરની પૂજા - આરતી ઓછી પડી તે હવે ગુરુના નામની પૂજા - આરતી કરાવવા માંડ્યા! ધર્મમાંય નવા ધતિંગો તો ઊભા કરવા જ પડે ને! એના વગર ભોટ શ્રીમંત ભક્તોને ખંખેરી કેમ શકાય?

ગયા અઠવાડિયે મારી સામે એક પ્રશ્ન આવ્યો. જૈન ધર્મમાં ચરવળો (ચળવલો) નામનું એક ઉપકર્ણ છે. સાધુઓ પાસે રજોહરણ હોય તે જ રીતે શ્રાવક-શ્રાવિકોઓ જયારે સામયિક કે પ્રતિક્રમણની ક્રિયા કરવા બેસે ત્યારે સાથે ચરવળો લઇને બેસે. ક્રિયા દરમિયાન વચ્ચે ઊભા થવું હોય તો એ ચરવળો લઇને જ ઊભા થઇ શકાય. પ્રશ્ન એ તો કે પુરુષો માટેના ચરવાળાનીદાંડી ગોળ અને સ્ત્રીઓ માટેના ચરવાળાની દાંડી ચોરસ કેમ હોય છે? એનું કારણ શું? મને પણ એનો જવાબ જાણવાની ઉત્કંથા થઇ. હાથવગાં પુસ્તકો ફંફોસ્યા. એ દ્વારા જે જવાબ જડ્યો એ આવો હતો : સ્ત્રી એટલે વાસનાનું પ્રતીક. એનાથી ચારે દિશામાંથી મુક્તિ મેળવવાની હોય છે એટલે તેના ચરવળાની દાંડી ચોરસ હોય છે. ચરવાળાની દાંડી ગોળ હોય તો વાસવામાંથી મુક્તિ ન મળે અને ચોરસ હોય તો મુક્તિ મળે એવું હોય ખરું? એના ગર્ભિત અર્થમાં મૂળ તો છેક સેક્સ સુધી જતાં હતાં.

હવે વિચાર કરો કે સામાયિક - પ્રતિક્રમણની ક્રિયા કરવાની હોય ત્યારે પુરુષો અને મહિલાઓ માટે સ્થાપનાજી એક જ હોય, કટાસણાં, સમાન હોય, નવકારવાળી (માળા) સમાન હોય, પણ ચરવળાની દાંડી જુદી જોઇએ. સ્ત્રી અને પુરુષને વાતે વાતે જુદા પાડવાની આપણી ભ્રષ્ટ પરંપરાનો આ એક પ્રયોગ છે એથી વિશેષ કાંઇ નથી. પ્રતિક્રમણમાં પણ વિધિ પુરુષ કરાવતો હોય તો સ્ત્રીને એ વિધિ ચાલે, પણ જો પુરુષને વિધિ ન આવડતી હોય અને સ્ત્રી વિધિ કરાવે તો પુરુષને માટે એ અસ્વીકાર્ય ગણાય. પશુ-પંખી અને જંતુના આત્માઓ વચ્ચે પણ ભેદ ન કરવાનો બોધ આપનારાઓ સ્ત્રી-પુરુષના આત્મા આગળ આવીને અટકી પડ્યા - ભટકી ગયા.

મોહ છોડ્યો જ હોય તો પુરુષપણાનો અને ગુરુપણાનો મોહ છોડો. આજે કોઇ ગુરુ પોતાના શિષ્યોને લેખિતમં એમ કહેવા તૈયાર છે ખરા કે મારા અવસાન પછી મારા ભક્તોને ગેરમાર્ગે દોરનારાં ગુરુમંદિરો બનાવશો નહિં? હું મારા ગુરુ માટે મંદિર નહિ બનાવું અને તમારે મારા માટે મંદિર નહિ બનાવવાનું. વ્યક્તિના યોગ્ય ગુણોને યથાશક્તિ અનુસરો ભલે, પણ તે વ્યક્તિની પૂજા કરવાની જરૂર નથી. ગુરુમંદિરો બનાવીને ઊલ્ટાનું આપણે છીછરા - અધૂરા છીએ એવું પુરવાર કરીએ છીએ. હકીકતમાં કોઇ પણ મંદિર એ આજકાલ તો અધ્યાત્મનો સુપર મોલ બની ગયું છે. ભારતમાં ધર્મના નામે જેટલા કરોડ રૂપિયાનું ટર્નઓવર થાય છે એટલું અન્ય કોઇ ઇન્ડસ્ટ્રીમાં નથી થતું! ધર્મના નામે ચાલતા આ વેપાર - કારોબારનાં પલાખાં સમજાય તો નો પ્રોબ્લેમ.

# પોતાની માતૃભાષાનો પાયો મજબૂત થાય પછી જ માણસ ગમે તેટલી ભાષાઓ શીખે એનાથી એના વ્યકિતત્વને વ્યાપક પરિમાણ સાંપડશે

**લાગણીનો મેળો**
**- રસિક વાળંદ 'નિર્ઝર'**

સદા સૌમ્ય શી વૈભવેઉભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી.
મળી હેમ આશિષ, નરસિંહ-મીરાં, થયો પ્રેમભટ ને અખો.
- ધીરા ભગત

પૂંજી નર્મદે કાન્ત ગોવર્ધને જે, સજીન્હાનલે કલ્પના ભવ્ય ને જે,
ધુવા સત્ય સાથી અહિંસા -સુહાતી, નામો ધન્ય ગાંધીગિરાગુજરાતી.
- ઉમાશંકર જોશી

દરેક દેશમાં ભૂલાતી જતી તેની મૂળભૂત માતૃભાષાની જાળવણી થાય તેમજ વિશ્વમાં સાંસ્કૃતિક વિવિધતા બહાર લાવવાના આશયથી યુનેસ્કોએ ૨૧ ફેબ્રુઆરીનો દિવસ આં.રા. માતૃભાષાદિન તરીકે જાહેર કર્યો છે.

અંગ્રેજો તો ભારતમાંથી ગયા પણ ગુલામીનો સ્વાદ ચાખી ગયેલા ભારતીયજનો અંગ્રેજી ભાષાની ગુલામીમાંથીહજુયે છૂટ્યા નથી! અંગ્રેજી ભાષાનું આવું ગાંડપણ કદાચ ભારત સિવાય અન્ય કોઈ દેશમાં જોવા મળતું નથી. અંગ્રેજોએ ક્યારેય ગુજરાતી ભાષાનો ઉપયોગ સ્વીકાર્યો નહોતો.

જયાં જયાં વસે એક ગુજરાતી, ત્યાં સદકાળ ગુજરાત આ ગૌરવગાનને વિસરીને આજના પાક્કા ગુજરાતીઓ પોતાનાં બાળકોને ગુજરાતી નથી આવડતું એ વાત ગૌરવથી કહેતા જોવા મળે છે! કેવળ વટ પાડવા ખાતર કે સામાવાળાને આંજી નાખવાના હેતુથી અંગ્રેજી શબ્દો વાપરી વાત કરનારો ગુજરાતી ધન્યતા અનુભવે છે!! અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની મોટાભાગના મા-બાપોની ઘેલછા લાગી છે. દેખાદેખીમાં ગુજરાતીઓ સૌથી મોખરે છે. અનુકરણમાં આપણને કોઈ આંબી શકે તેમ નથી. આપણે પ્રત્યેક ક્ષેત્રમાં ગતાનુગતિકતાનું વરદાન પામ્યા છીએ. બુદ્ધિને તાળું લગાવી બારણે બેઠા છીએ.... મૌલિકપણે વિચારવાનું છોડી દીધું છે. પરિણામે ચોતરફ દંભ ડોકાય છે. એક લોકોક્તિ છે,

પૂરબકો પંડિત ભલો, જ્ઞાનીકો પંજાબ,
કર્મકાંડીકો દખ્ખણ ભલો ઔર ઢોંગીકો ગુજરાત.!

કૃત્રિમતા અને દંભ માનવનેઉપલકિયો બનાવી દે છે. અંગ્રેજી ભાષાના પ્રયોગથી જ મને મોટાઈ મળશે એવા ખ્યાલથી બે ગુજરાતીઓ અંગ્રેજીમાં બોલવા લાગે!!

એકમાત્ર માબાપની આંધળી ઘેલછાને કારણે પરકીય ભાષામાં અધ્યયન કરનાર બાળકના માનસને ક્યારેય નજીકથી નિહાળ્યું ખરું?!! અરે એની સુષુપ્ત શક્તિઓ પૂર્ણપણે ખીલવાને બદલે કુંઠિત થઈ જાય છે. તે જીવનનું ડાણ ક્યાંથી સાધી શકશે!

દોસ્તો, ખલીલજિબ્રાને કહ્યું છે કે, મારી માતાએ મારો અભ્યાસ માતૃભાષામાં થાય એવો આગ્રહ જો ન રાખ્યો હોત તો આજે હું ઉન્નતિનાશિખરોને સર ન કરી હોત. માતૃભાષાતો મન ધાવણની જેમ તન-મનને પુષ્ટ કરનારી અને બુદ્ધિને ખીલવનારી છે. માતૃભાષામાં શિક્ષણ ન અપાય તો દેશને સ્મૃતિમાનો ને બુદ્ધિજીવીઓ કદાચ સાંપડશે પરંતુ પ્રાજ્ઞ કે મેધાવી પુરુષો પ્રાજ્ઞ થવા દુષ્કર બની રહેશે. મિત્રો, પરભાષા એ તો ચશ્માં છે ને માતૃભાષા તો આંખ છે. આંખ વગર ચશ્માની શી કિંમત?

ઘણીવાર માબાપો અતિહોંશથી પોતાનાં બાળકનું અંગ્રેજી જ્ઞાનનું પ્રદર્શન સૌની પાસે કરાવે છે. માનસશાસ્ત્ર કહે છે તેમ લઘુતાનેછાવરવા માણસ ગુરુતાનો આધાર લે છે એ ન્યાયે અંદરથી ખોખલો બનેલો માણસ આવા પ્રદર્શનથીઆંજવાના મિથ્યા પ્રયાસ આદરે છે. દેવનાં દીધેલ બાલપુષ્પોને સુયોગ્ય રીતે ખીલવવાને બદલે ચીમળી નાખીએ છીએ.

સાવ નાની અબુધવયે વિષયજ્ઞાન અને ભાષાજ્ઞાનનો બેવડો બોજ લાડવો એ નારી ક્રુરતા જ છે.... ભાષા શીખવી તેના સાહિત્યને માણવું તે એક વાત છે ને ભાષાના મોહતાજ થવું એ બીજી વાત છે, સાથે સાથે ભાષાનો પ્રભાવ સંસ્કારો પર પણ પડે છે. ક્યારેક સંપત્તિને સ્થાને સંતતિ ગુમાવવાનો વારો આવે છે.

પોતાની માતૃભાષાનો પાયો મજબૂત થાય પછી જ માણસ ગમે તેટલી ભાષાઓ શીખે એનાથી એના વ્યક્તિત્વને વ્યાપક પરિમાણ સાંપડશે. નબળા પાયા ઉપર ઈમારત સ્વસ્થ રહી શકે ખરી?! માતૃભાષાનું મૂળભૂત ડાણ પામ્યા વગરનો માણસ ગમે તેટલી ભાષા શીખે પણ તે સરવાળે છીછરો જ રહે છે કારણ બાળકનો મોટાભાગનો સમય અને શક્તિ અંગ્રેજી ભાષા સમજવામાં વેડફાઈ જાય છે તેનાથી માત્ર ગોખણપટ્ટીને જ બળ મળે છે.

દેશ ગયા પરદેશ ગયા ને શીખી લાવ્યા વાણી,
વોટર કહેતા જીવ ગયો ને ખાટલા નીચે પાણી!

દોસ્તો, આ મર્મભેદી કટાક્ષ સમજયા હશો... પરભાષાના પ્રભાવથી અંજાયેલા પોતાની ભાષાની અવગણના કરનાર ક્યારેય પાણીદાર બની શકતો નથી.

મિત્રો, અહીં કોઈ ભાષાનું અવમૂલ્યન કરવાનો ઈરાદો નથી પણ શેક્સપિયર, મિલ્ટન, બાયરન, કિટ્સ ને શેલીનેમાણવા જતા નરસિંહ, મીરાં, દયારામ, અખાને ભૂલી જવાની જરૂર નથી. અંગ્રેજી વિશ્વભાષા છે એનો અભ્યાસ જરૂર કરવો જોઈએ પણ માતૃભાષાના ભોગે એ ન થવું જોઈએ. અરે માતૃભાષામાં જેણે અભ્યાસ કર્યો છે એવા અસંખ્ય લોકો રાષ્ટ્રીય આં.રાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતી પામ્યા છે. એટલે એવું રખે માનશો કે માતૃભાષાનામાધ્યમથી અભ્યાસ કરવાને લીધે ઓછપ કે ઉણપ રહી જશે... 'સ્વધર્મે નિધનં શ્રેયંપરધર્મો ભવાય' ની જેમ સ્વભાષાયં નિંધન શ્રેયં પરભાષા ભવાય'

દોસ્તો, મા, માનું દૂધ,માતૃભાષા ને માતૃભૂમિનો મહિમા પીછાણી સાચા વિશ્વ માનવ બનીએ....!!

**સ્પર્શમણિ -**

કાઠીયાવાડના ગામડાનો કોઈ માણસ પરગામ જતો હતો. સાથે તેની પત્ની પણ હતી. તેના પગમાં મહેંદી મૂકાયેલી અને રસ્તામાં એક કેડ સમું પાણી ભરેલી નદી ચાલીને પાર કરાવી પડે તેમ હતી. બાપુ તો મૂંઝાયા. પાણીમાં ચાલવાથીતો મહેંદીનો રંગ નીકળી જાય, આ તો કેમ ચાલે? બાપુએ સાહસિક અભિગમ અપનાવ્યો. પત્નીને ઉંધી કરીને તેના પગ હાથમાં પકડી રાખીને બાપુ નદી પાર કરી ગયા. સામે કિનારે ગયા પછી ખ્યાલ આવ્યો કે પત્નીનું મોઢું સતત પાણીમાં રહેવાને કારણે ગૂંગળાઈ જવાથી તેનું પ્રાણ પંખેરું ડી ગયું હતું. બાપુ નદી પાર ને પત્ની તડીપાર. ગામના લોકોએ બાપુને ઠપઠોર્યો - અલ્યા! કઈ અક્કલ છે તારામાં? આ તારી વહુનો જીવડો ચાલ્યો ગયો. જીવડો ચાલ્યો ગ્યો તો ભલે ગ્યો, રંગડો તો રહ્યો ને! મૃત પત્નીના પગની પાણી ગૌરવભેર બતાવતા બાપુ બોલ્યા.

પોતાનાં સંતાનોના જીવનમાંથી ધર્મ સંસ્કૃતિનો જીવડો ચાલ્યો જાય તો પણ અંગ્રેજીનો રંગડો જાળવી રાખનારા વાલીઓને ઉપરોક્ત વાત બે વાર વાંચી જવા ભલામણ...!!!

**(સૌજન્ય -વિજયભાઈઠક્કર)**

Rasikvaland 1965@gmail.com